RNI No.: GUJGUJ/2014/59295

E mail -
prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 05 * Date: 24.10.2026,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

દિલ્હી દુનિયાનું બીજું સૌથી પ્રદૂષિત શહેર, લાહોર નંબર-૧, AQI ખતરનાક શ્રેણીમાં પ્રવેશ્યું



પાકિસ્તાનનું લાહોર શહેર ૩૪૪ છઉૈં સાથે વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર બન્યું છે. સ્વિસ વેબસાઇટ ૅ્ય્છૈ મુજબ, લાહોરની હવામાં ૅ્સ ૨.૫ ઉર્ૅ્ની ગાઇડલાઇન કરતાં ૫૭ ગણું વધુ છે. આ યાદીમાં ભારતની દિલ્હી બીજા, કોલકાતા ત્રીજા અને મુંબઈ છઠ્ઠા સ્થાને છે. ડોકટરોએ માસ્ક પહેરવાની સલાહ આપી છે. વિશ્વભરમાં હવે પ્રદૂષણ ખતરનાક સ્તરે પહોંચી રહ્યું છે. આ દરમિયાન એક અહેવાલે દિલ્હીવાસીઓની ઊંઘ ઊડાડી દીધી છે. પ્રદૂષણ મામલે દિલ્હી હવે ટોપ-૩ દેશોમાં બીજા ક્રમે પહોંચી ગયું છે. જયારે લાહોરે પ્રદૂષણમાં દિલ્હીને પાછળ છોડી દીધું છે અને તે દુનિયાનું સૌથી પ્રદૂષિત શહેર બની ગયું છે. પાકિસ્તાનનું લાહોર શહેર શુક્રવારે એર ક્વોલિટી ઇન્ડેક્સ (છઉૈં) ૩૪૪ પર પહોંચી જતાં વૈશ્વિક રેન્કિંગમાં મોખરે આવ્યું છે. સ્વિસ વેબસાઇટ ૅ્ય્છૈ ના આંકડા મુજબ લાહોરની હવામાં ૅ્સ ૨.૫ ની માત્રા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ઉર્ૅ્) ની ગાઇડલાઇન કરતાં ૫૭ ગણી વધુ નોંધાઈ છે, જે કેન્સરકારક અને સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી છે.આ લિસ્ટમાં ભારતની રાજધાની દિલ્હી બીજા ક્રમે છે. શુક્રવારે સવારે દિલ્હીનો છઉૈં ૨૪૪ નોંધાયો હતો જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક શ્રેણીમાં આવે છે, જો કે બપોર સુધીમાં તે ઘટીને ૧૮૩ પર પહોંચ્યો હતો. આ ગંભીર સ્થિતિને જોતા ડોક્ટરોએ નાગરિકોને સ્વાસ્થ્ય સંરક્ષણ માટે માસ્ક પહેરવાની કડક સલાહ આપી છે. ટોપ ૩ માં ભારતના બે રાજ્યો હોવાથી એક રીતે ચિંતા વધી ગઈ છે. પ્રદૂષિત શહેરોની આ યાદીમાં કોલકાતા ત્રીજા સ્થાને અને મુંબઈ છઠ્ઠા સ્થાને નોંધાયા છે. બપોરના આંકડાઓ પ્રમાણે કોલકાતાનો છઉૈં ૧૭૩ જ્યારે મુંબઈનો છઉૈં ૧૬૨ રહ્યો હતો. આ ઉપરાંત સેનેગલનું ડકાર ચોથા અને મલેશિયાનું કુઆલાલંપુર પાંચમા સ્થાન પર જોવા મળ્યા હતા, જ્યારે બાંગ્લાદેશની રાજધાની ઢાકા દસમા ક્રમે રહી હતી.

લિવ ઈનમાં લેખિત કરાર હોય તો દુષ્કર્મનો આરોપ ના ટકી શકે, ગુજરાત હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો

ગુજરાત હાઈકોર્ટે લિવ-ઈન રિલેશનશિપના કેસમાં મહત્વનો ચુકાદો આપ્યો છે. બે પુખ્ત વયના લોકો પરસ્પર સંમતિથી લેખિત કરાર હેઠળ સાથે રહે અને પછી લેખિત કરારથી અલગ થાય, ત્યારે લગ્નના ખોટા વચન પર દુષ્કર્મનો દાવો ટકાવી રાખવો મુશ્કેલ છે. જસ્ટિસ ઈલેશ જે. વોરા અને જસ્ટિસ આર. ટી. વાચ્છાણીની ખંડપીઠે પૂર્વ લિવ-ઈન પાર્ટનર મહિલાની અપીલ ફગાવી, ટ્રાયલ કોર્ટના પુરુષને નિર્દોષ છોડવાના ચુકાદાને બહાલ રાખ્યો હતો.ગુજરાત હાઈકોર્ટે એક અગત્યના ચુકાદા મારફતે ઠરાવ્યું છે કે, જ્યારે બે પુખ્ત વયના લોકો પરસ્પર સંમતિથી થયેલા લેખિત કરાર હેઠળ સાથે રહે છે અને ત્યારબાદ લેખિત કરાર દ્વારા તેમની ગોઠવણનો અંત લાવે છે, ત્યારે લગ્નના ખોટા વચન પર પીડિતાનો દુષ્કર્મનો દાવો ટકાવી રાખવો મુશ્કેલ બની જાય છે. જસ્ટિસ ઈલેશ જે. વોરા અને જસ્ટિસ આર. ટી. વાચ્છાણીની ખંડપીઠે પૂર્વ લિવ-ઈન પાર્ટનર મહિલાની અપીલ ફગાવી દીધી હતી અને પીડિતાએ આરોપી પુરુષ સામે નોંધાવેલી દુષ્કર્મની ફરિયાદના કેસમાં આરોપી પુરુષને નિર્દોષ ઠરાવતાં ટ્રાયલ કોર્ટના ચુકાદાને બહાલ રાખ્યો હતો.લગ્નનું વચન શરૂઆતથી જ ખોટા ઈરાદાથી આપવામાં આવ્યું હોય તો તે અલગ કાનૂની પરિસ્થિતિ હોઈ શકે.ગુજરાત હાઈકોર્ટે બહુ મહત્ત્વપૂર્ણ અવલોકન કરતાં જણાવ્યું કે, 'લાંબા સમયથી ચાલતા લિવ-ઈન સંબંધ જેવા કિસ્સામાં, એવા પ્રસંગો ઊભા થઈ શકે કે, લિવ ઈન રિલેશનશિપમાં લાંબા સમય સુધી સાથે રહેતા પુખ્ત વયના બે વ્યક્તિઓના સંબંધો, તેમના વર્તન અને સંજોગોને ધ્યાનમાં લીધા વિના માત્ર લગ્ન કરવાની ના પાડવામાં આવી હોવાના કારણે માત્ર પુરુષ વિરૂદ્ધ દુષ્કર્મની ફોજદારી કાર્યવાહી ચલાવી શકાય નહીં. અલબત્ત, લગ્નનું વચન શરૂઆતથી જ ખોટા ઈરાદાથી આપવામાં આવ્યું હોય અને તેનો ઉપયોગ મહિલાની સંમતિ મેળવવા માટે થયો હોય, તો તે અલગ કાનૂની પરિસ્થિતિ હોઈ શકે છે જ્યાં તે સંબંધમાં રહેલા પક્ષકારો લગ્નની મહોર દ્વારા તેને ઔપચારિક બનાવવાની તેમની ઈચ્છા અથવા મહેચ્છા વ્યક્ત કરે છે, પરંતુ આ ઈચ્છાની અભિવ્યક્તિ પોતે જ આ સંબંધને એક પ્રકારનો સંબંધ માનતી નથી. આજકાલ, એ સામાન્ય છે કે સ્ત્રી આર્થિક રીતે સ્વતંત્ર છે અને પોતાની શરતો પર પોતાનું જીવન બનાવવા માટે સક્ષમ નિર્ણયો લેવાની ક્ષમતા ધરાવે છે, જેમાં નાણાકીય સ્વતંત્રતાનો પણ સમાવેશ થાય છે જેના કારણે આવા લિવ-ઈન સંબંધોનો ફેલાવો થયો છે. અને ફક્ત એટલા માટે કે પક્ષકારો વચ્ચે કોઈ પણ કારણોસર મતભેદ અને વિવાદ ઉદ્ભવે છે, તેટલા કારણ માત્રથી તેને ફોજદારી કાર્યવાહીનો રંગ આપી શકાય નહીં.ખંડપીઠે નોંધ્યું કે આ કેસમાં બંને વચ્ચેના લેખિત કરારોમાં પોતાની મરજીથી સાથે રહેવાનો અને આ માટે કોઈ દબાણ કે લાલચ ન હોવાનો ઉલ્લેખ હતો. ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ થયેલા બીજા કરારમાં પણ બંનેએ પોતાની ઈચ્છાથી અલગ રહેવાનો નિર્ણય કર્યા હોવાનું સ્પષ્ટ થાય છે. આ દસ્તાવેજોમાં મારીપીટ, ધમકી કે બળજબરીથી શારીરિક સંબંધના આક્ષેપોનો ઉલ્લેખ ન હતો.ફરિયાદી યુવતી અમદાવાદની કોલેજમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી અને આરોપી સાથે લગભગ એક વર્ષથી પ્રેમસંબંધમાં હતી. ફરિયાદ મુજબ, ૧૪મી ઓગસ્ટ ૨૦૧૯ના રોજ બંને વચ્ચે સાથે રહેવા અને ભવિષ્યમાં લગ્ન કરવા અંગે લેખિત સમજૂતી થઈ હતી. યુવતી તેના માતા-પિતા અને કાકાની જાણકારીમાં યુવક સાથે અલગ રહેવા ગઈ હતી, બંને ભાડાના મકાનમાં પણ સાથે રહેતાં હતાં. ફરિયાદ મુજબ, ૨૯મી જાન્યુઆરી ૨૦૨૦ના રોજ અગાઉનો કરાર રદ કરવા અંગે બીજી સમજૂતી કરવામાં આવી હતી. લિવ ઈન કરાર રદ થયા બાદ યુવતીએ પ્રતિવાદી યુવક વિરૂદ્ધ બીજા દિવસે પોલીસમાં દુષ્કર્મ સહિતના આક્ષેપોની ફરિયાદ નોંધાવી હતી.

અમદાવાદના ચાંગોદરમાં ૩.૧૯ લાખની નશાકારક કફ સીરપ સાથે ત્રણ પકડાયા



અમદાવાદ ગ્રામ્યના ચાંગોદર વિસ્તારમાંથી છદ્મઉ અને પોલીસે સંયુક્ત ઓપરેશનમાં ૬૦૦ બોટલ કોડેઈનયુક્ત નશાકારક કફ સિરપ ઝડપી પાડ્યું છે. બાતમીના આધારે કારમાં હેરાફેરી થતો રૂ. ૩,૧૯,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી, અરબાઝખાન, રમઝાનશા અને કિરણ ચૌહાણ નામના ત્રણ શખ્સોની ધરપકડ કરાઈ છે. દ્રઢઁજી એક્ટ હેઠળ ગુનો નોંધી, વધુ તપાસ ચાલુ છે.અમદાવાદ ગ્રામ્યના ચાંગોદર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એન્ટી નાર્કોટિક્સ વિંગ (છદ્મઉ) અને ચાંગોદર પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને મોટા પ્રમાણમાં નશાકારક પદાર્થ ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને પ્રતિબંધિત કોડેઈન યુક્ત નશાકારક કફ સીરપની કુલ ૬૦૦ બોટલો જપ્ત કરી છે અને આ પ્રકરણમાં સંડોવાયેલા ત્રણ શખસોની ધરપકડ કરીને તપાસ હાથ ધરી છે.કારમાં નશાકારક જથ્થો હેરાફેરી કરતી વેળાએ પકડાયયામળતી માહિતી અનુસાર, પોલીસને મળેલી બાતમીના આધારે આ દરોડો કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે નશાકારક કફ સીરપના જથ્થા ઉપરાંત ગુનામાં વપરાયેલી એક કાર, ૪ મોબાઈલ ફોન અને કફ સીરપની બોટલો મળીને કુલ ૩,૧૯,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, પકડાયેલા શખસો આ નશાકારક જથ્થો ગેરકાયદે રીતે ઊંચા ભાવે વેચાણ અર્થે લાવ્યા હતા. આ મામલે પોલીસે અરબાઝખાન અયુબખાન પઠાણ (રહે. ધોળકા), રમઝાનશા કરીમશા ફકીર (રહે. ધોળકા) અને કીરણ ચૌહાણ (રહે. ડરણ ગામ, સાણંદ)ની ધરપકડ કરી છે.દ્રઢઁજી એક્ટ હેઠળ ગુનો નોંધી સઘન તપાસ શરૂપકડાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ દ્રઢઁજી એક્ટ (નારકોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટેન્સ એક્ટ)ની કલમ હેઠળ ચાંગોદર પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ નશાકારક કફ સીરપનો આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કઈ જગ્યાએ પહોંચાડવાનો હતો તે અંગે પોલીસ દ્વારા વધુ ઊંડાણપૂર્વક તપાસ ચલાવવામાં આવી રહી છે.



'ગરબડ તમે કરી અને જવાબદાર અમને ઠેરવો છો...', યુરોપને ભારતના મંત્રીએ સંભળાવ્યું



જર્મનીના બર્લિનમાં કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે ઈના કાર્બન ટેક્સ સામે ભારતનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે પર્યાવરણીય સંકટ માટે વિકસિત દેશો જવાબદાર છે, ભારત નહીં. વિશ્વની ૧૭% વસ્તી હોવા છતાં, ભારતનો કાર્બન ઉત્સર્જનમાં ફાળો ૩%થી ઓછો છે, જ્યારે યુરોપનું પ્રતિ વ્યક્તિ ઉત્સર્જન ભારત કરતાં ૭-૮ ગણું વધુ છે. ભારતે પોતાની ઊર્જા સુરક્ષા સાથે સમાધાન કર્યા વિના સ્વચ્છ ઊર્જા તરફ પ્રગતિ કરી છે.જર્મનીની રાજધાની બર્લિનમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ક્લાઈમેટ ચેન્જ અને કાર્બન ઉત્સર્જનના મુદ્દે વિકસિત દેશોને આડે હાથ લીધા હતા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આજે વિશ્વ જે પર્યાવરણીય સંકટનો સામનો કરી રહ્યું છે, તેના માટે ભારત જેવા વિકાસશીલ દેશોને જવાબદાર ઠેરવવા યોગ્ય નથી. પર્યાવરણને નુકસાન પહોંચાડવામાં અને વાતાવરણમાં કાર્બનનું પ્રમાણ વધારવામાં અમીર અને વિકસિત દેશોનો ઐતિહાસિક ફાળો રહ્યો છે.નકશા જુઓપીયૂષ ગોયલે આંકડા આપતાં જણાવ્યું કે ભારત વિશ્વની લગભગ ૧૭ ટકા વસ્તી ધરાવે છે, તેમ છતાં ગ્લોબલ કાર્બન ઉત્સર્જનમાં ભારતનો ફાળો ૩ ટકાથી પણ ઓછો છે. આનાથી વિપરીત, યુરોપની વસ્તી વિશ્વની કુલ વસ્તીના માત્ર ૩થી ૪ ટકા જેટલી હોવા છતાં તેમના ઐતિહાસિક ઉત્સર્જનને નકારી શકાય તેમ નથી. આજે પણ યુરોપમાં પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જન ભારતની તુલનામાં લગભગ ૭થી ૮ ગણું વધારે છે. આથી ક્લાઈમેટ ચેન્જ સામેની લડાઈમાં નીતિઓ ઘડતી વખતે દરેક દેશના ઐતિહાસિક યોગદાન અને વર્તમાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખવી જરૂરી છે.ભારતે પોતાના ૧૪૦ કરોડથી વધુ નાગરિકોની ઊર્જા, ખોરાક અને અન્ય મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવાની હોય છે. તેમ છતાં, દેશ સ્વચ્છ ઊર્જા (ઝ્રક્ષીઢ્રહ ઈહીક્ષિઅ), સંસાધનોના પુનઃઉપયોગ અને સર્ક્યુલર ઈકોનોમી (ઝ્રઙ્કિક્ષઢ્રઢ્રિ ઈર્ષ્ઠર્હદ્વઅ)ના ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યો છે. ભારત પર્યાવરણ પ્રત્યે જાગૃત છે, પરંતુ તે દેશની ઊર્જા સુરક્ષા, ખાદ્ય સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે બાંધછોડ કરી શકે નહીં. ઐતિહાસિક રીતે પર્યાવરણને નુકસાન પહોંચાડનારા વિકસિત દેશો ભારત જેવા દેશો પર પોતાના કડક નિયમો લાદી શકે નહીં.નકશા જુઓપીયૂષ ગોયલનું આ નિવેદન યુરોપિયન યુનિયન (ઈ) દ્વારા લાવવામાં આવેલ 'કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મેકેનિઝમ' (ઝમ્છસ) એટલે કે કાર્બન ટેક્સ સામે ભારતની ચિંતાઓ દર્શાવે છે.

તંત્રી લેખ

વેનેઝુએલાનું ક્રૂડ ઓઈલ રિઝર્વ ૩૦૩ અબજ નહીં, ૧૦૧ અબજ બેરલ !

નિષ્ણાતો વેનેઝુએલાની ક્રૂડ ઓઈલ રિઝર્વ ૬૫થી ૧૨૦ અબજ ડોલરની વચ્ચે જ હોવાની પ્રબળ માન્યતા ધરાવે છેવેનેઝુએલાની લૂંટ ટ્રમ્પને ખાસ ફળી નહી શકે, ઘાટ કરતાં ઘડામણ મોંઘુ પડે તેવી સ્થિતિ સર્જાઈકારકાસ : કોઈ લૂંટારુ વેપારી પાસેથી કોથળો લૂંટી ગયો હોય અને તેને લાગતું હોય કે તેના હાથમાં બહુ મોટો દલ્લો આવી ગયો છે, પરંતુ તે કોથળો ખોલીને જુએ તો તેમા કશું જ ન હોય. આવી સ્થિતિ અમેરિકાની વેનેઝુએલાના સંદર્ભમાં થઈ છે. વેનેઝુએલામાં ૩૦૩ અબજ બેરલનું ક્રૂડ ઓઈલ રિઝર્વ હોવાના દાવાના આધારે અમેરિકાએ ત્યાં આક્રમણ કરીને તેના પ્રમુખને પોતાના કબ્જામાં લીધા અને તેના ઓઈલના કૂવા કબ્જે કર્યા. આ સમય હકીકત સામે આવી કે તે જેટલું ઓઈલ હોવાનું માનતું હતું તેટલું ઓઈલ છે જ નહીં.વેનેઝુએલાની ભ્રષ્ટ સરકારોએ ફક્ત વિદેશીઓને આકર્ષવા માટે ૩૦૩ અબજ બેરલનો ક્રૂડ ઓઈલ ભંડાર હોવાની વાત ચલાવી રાખી હતી, જે વાસ્તવમાં છે જ નહી. તેનો ક્રૂડ ઓઈલ ભંડાર માંડ ૧૦૧ અબજ બેરલનો જ હોવાનું માનવામાં આવે છે, આ આંકડા પણ પાછા અમેરિકન કંપનીએ જ બે દાયકા પહેલા ચકાસણી કરીને આપ્યા હતા, પરંતુ ૨૦૦૦ના દાયકામાં વેનેઝુએલામાં હ્યુગો ચાવેઝની સરકારે અમેરિકન કંપનીએ આપેલા પ્રમાણિત આંકડાના બદલે તેના ત્રણ ગણા આંકડા દર્શાવ્યા અને વર્ષો સુધી આ ખેલ ચલાવ્યો. તેના લીધે આ આંકડાને સત્ય માની લેવામાં આવ્યા. વેનેઝુએલાની ભ્રષ્ટ સરકારોએ એટલી સીફતતાથી આ જૂઠાણુ ચલાવ્યું કે મધ્યપૂર્વના દેશો તો ઠીક પણ અમેરિકા જેવી મહાસત્તા પણ તેમના આ જૂઠાણામાં ફસાઈ ગઈ.

૧૯૬૦ થી ૧૯૮૦ ની પેઢીએ ઘણાં ફેરફાર જોયા અને અપનાવ્યા

અમદાવાદ :જેઓનો જન્મ ૧૯૬૦, ૧૯૮૦, માં થયો છે – ખાસ એમના માટે આ પેઢી હવે ૪૫ પાર કરીને ૬૫–૭૦ તરફ વધી રહી છે. આ પેઢીની સૌથી મોટી સફળતા એ છે કે એણે જીવનમાં ખૂબ મોટા ફેરફારો જોયા અને એને અપનાવ્યા પણ. ૧, ૨, ૫, ૧૦, ૨૦, ૨૫, ૫૦ પૈસા જોનાર આ પેઢી મહેમાનો પાસેથી પૈસા નિરાંતે લઈ લેતી હતી. શાહી–કલમ/પેન્સિલ/પેનથી શરૂઆત કરીને આજે આ પેઢી સ્માર્ટફોન, લેપટોપ, કમ્પ્યુટર સારી રીતે ચલાવે છે. જેનાં બાળપણમાં સાઇકલ પણ એક વિલાસિતા હતી, એ જ પેઢી આજે સ્કૂટર અને કાર ચલાવે છે. ક્યારેક ચંચળ તો ક્યારેક ગંભીરપ ઘણું સહન કરેલું, ઘણું ભોગવેલું, પણ સંસ્કારમાં પલેલી–વધેલી આ પેઢી. ટેપ રેકોર્ડર, પોકેટ ટ્રાન્ઝિસ્ટર – ક્યારેક મોટી કમાણીનું પ્રતિક હતું. માર્કશીટ અને ટીવી આવવાથી જેઓનું બાળપણ બગડ્યું નહી, એ છેલ્લી પેઢી છે. કુકરની રીંગ્સ, ટાયર લઈને ''ગાડી–ગાડી રમવું'' ક્યારેય નાનું લાગતું નહોતું. ''કોચમડી રમતા (સળીળો જમીનમાં ખૂચાડતા)/ ગાઢતા જવું'' એ પણ રમત હતી, અને મજાની પણ. ''કાચી કેરી તોડવી'' એમને માટે ચોરી નહોતી. કોઈ પણ સમયે કોઈના પણ ઘરની કુંડી (દરવાજો) ખખડાવવી ખોટું મનાતું નહોતું. ''મિત્રની મમ્મીએ ખવડાવ્યું'' – તેમાં ઉપકારનો ભાવ નહોતો, અને ''એના પપ્પાએ ડાટ્યું''-(ધમકાવ્યો) તેમાં ઈર્ષા પણ નહોતીપ એ જ છેલ્લી પેઢી હતી. કક્ષામાં કે સ્કૂલમાં પોતાની બહેન સાથે મજાકમાં ઉલટું–સીધું બોલી દેતી પેઢી. બે દિવસ જો કોઈ મિત્ર સ્કૂલે ન આવે તો સ્કૂલ છૂટતાં જ બેગ લઈને એની ઘરે પહોંચી જતા કોઈ મિત્રના પપ્પા સ્કૂલમાં આવી જાય તો – મિત્ર ક્યાંય પણ રમતો હોય, દોડી જઈને કહેવું: ''તારા પપ્પા આવી ગયા છે, ચાલ જલ્દી'' – એ જ એ સમયની બ્રેકિંગ ન્યૂઝ હતી. પણ મોહલ્લામાં કોઈ પણ ઘરમાં કોઈ પણ કાર્યક્રમ હોય તો નિરાંતે, આમંત્રણ વગર કામ કરતી પેઢી. કપિલ, સુનીલ ગાવસ્કર, વેંકટ, પ્રસન્નાની બોલિંગ જોઈ, પીટ સેમ્પ્રસ, ભૂપતિ, સ્ટેફી ગ્રાફ, આગાસીનું ટેનિસ જોયું, રાજ, દિલીપ, ધર્મેન્દ્ર, જીતેન્દ્ર, અમિતાભ, રાજેશ ખન્ના, આમિર, સલમાન, શાહરુખ, માધુરી – એ બધાં પર ફિદા રહેતી આ જ પેઢી. પૈસા ભેગા કરીને ભાડે ફઝઈ લાવીને ૪–૫ ફિલ્મો એકસાથે જોતી પેઢી. લક્ષ્યા–અશોકના વિનોદ પર ખડખડાટ હસતી, નાના, ઓમ પુરી, શબાના, સ્મિતા પાટીલ, ગોવિંદા, જગ્ગુ દાદા, સોનાલી જેવા કલાકારોને જોતી પેઢી. ''શિક્ષક પાસેથી માર ખાવું'' – તેમાં ખોટું કાંઈ નહોતું, ફક્ત ડર એનો કે ઘરમાં ખબર ન પડે, નહિંતર ત્યાં પણ માર પડશે. શિક્ષક સામે અવાજ ઊંચો ન કરતી પેઢી. જેટલો પણ માર પડ્યો હોય, દશેરા પર એમને સોનુ અર્પણ કરતી, અને આજે પણ ક્યાંક નિવૃત્ત શિક્ષક મળી જાય તો નિસંકોચ નમન કરતી પેઢી. કોલેજમાં રજા હોય તો યાદોમાં સપના જોતી પેઢીપ ન મોબાઈલ, ન જીસ્જી, ન ઉરફ્રંજર્છપ ફક્ત મળવાની આતુર રાહ જોતી પેઢી. પંકજ ઉધાસની ગઝલ ''તું પૈસા ઘણાં કમાયો, એ પૈસાએ દેશ છોડાવ્યો'' સાંભળીને આંખો પોસતી. દિવાળીની પાંચ દિવસની વાર્તા જાણતી પેઢી. લિવ–ઈન તો દૂર, લવ મેરેજ પણ બહુ મોટું ''ડેરિંગ'' માનતી. સ્કૂલ–કોલેજમાં છોકરીઓ સાથે વાત કરનારા છોકરાઓ પણ ''એડવાન્સ'' કહેવાતા. ફરીથી આંખો મીચીએ તોપ એ જ દસ, વીસપ અસી, નેવુંપ એ જ સુવર્ણ યાદો. ગયા દિવસો પાછા નથી આવતા, પણ યાદો હંમેશાં સાથ રહે છે. અને એ સમજતી સમજદાર પેઢી હતી કે – આજનો દિવસ પણ કાલની સુવર્ણ યાદો બનશે. અમારો પણ એક જમાનો હતો પ ત્યારે બાલવાડી (પ્લે સ્કૂલ) એવું કઈ જ નહોતું. ૬–૭ વર્ષ પૂરા થયા પછી જ સીધા સ્કૂલ મોકલાતા. જો સ્કૂલ ન જાઈએ તો પણ કોઈને ફરક પડતો નહોતો. સાઇકલથી, સીટી બસથી મોકલવાનો રિવાજ હતું. બાળક એકલું સ્કૂલ જાય તો કઈ અનહોની થશે – એવો ડર માતા–પિતાને ક્યારેય ન હતો. પાસ/ફેલ એ જ ચાલતું. ટકાવારી (%) સાથે આપણો કોઈ સંબંધ નહોતો. ટ્યુશન લગાવવું શરમજનક માનાતું. કારણ કે એને × ઠોઠ'' કહેવાતું. કિતાબમાં પાંદડા અને મોરપીછ મૂકી દઈએ તો અભ્યાસમાં તેજ થઈ જઈએ – એ આપણો દૃઢ વિશ્વાસ હતો. કપડાની થેલીમાં કિતાબો રાખવી, પછી ટીનના પેટી માં ગોઠવવી – એ આપણું ક્રિએટિવ સ્કિલ હતું. દર વર્ષે નવી કક્ષા માટે કિતાબ–કોપી પર કવર (ખાખી અથવા છાપા ના) ચડાવવું – એ તો જાણે વાર્ષિક ઉત્સવ જ હતો. વર્ષના અંતે જૂની કિતાબો વેચવી અને (નવી, ભાગ્યે જ) જૂની ખરીદવી – એમાં ક્યારેય શરમ ન આવતી. મિત્રની સાઇકલના ડંડા પર એક બેસે, કેરિયરમાં બીજો – અને રસ્તા–રસ્તા ફરવુંપ એ જ અમારી મજા હતી. સ્કૂલમાં સર પાસેથી માર ખાવું, પગનાં અંગૂઠાં પકડીને ઊભાં રહેવું, કાન મરડીને લાલ કરી દેવું – તોય અમારો ''ઈગો'' કદી વચ્ચે આવતો નહોતો. હકીકતમાં અમને ''ઈગો''નો અર્થ જ ખબર નહોતો. માર ખાવું તો રોજનું જ હતું. મારનાર અને માર ખાનાર – બંને ખુશ રહેતા. માર ખાનાર એટલા માટે કે ''ચાલો, આજે કાલથી ઓછો પડ્યો.'' મારનાર એટલા માટે કે ''આજે ફરી તક મળી.'' નગ્નપદે, લાકડાની બેટ અને કોઈ પણ બોલથી ગલીઓમાં ક્રિકેટ રમવું – એ જ સાચું સુખ હતું. અમે ક્યારેય પોકેટ મની માગી નહોતી, અને ન માતા–પિતાએ આપી હતી. અમારી જરૂરિયાતો બહુ નાની હતી, જે પરિવાર પૂરી કરી દેતો હતો. છ મહિને એકવાર મમરા કે ફરસાણ મળી જાય – તો અમે ખૂબ ખુશ થઈ જતા. દિવાળીએ લવંગી ફૂલઝડી ખોલીને એક–એક ફટાકડો ફોડવો – અમને કદી નાનું લાગતું નહોતું. કોઈ બીજો ફટાકડા ફોડતો હોય તો એની પાછળ દોડવું – એ જ અમારી મોજ હતી. અમે ક્યારેય માતા–પિતાને નથી કહ્યું કે – ''અમે તમને ખૂબ પ્રેમ કરીએ છીએ'' – કારણ કે અમને ''ર્ન્ટ્રી ર્ટ્રું'' બોલવું આવડતું જ નહોતું. આજે અમે જીવનમાં સંઘર્ષ કરતાં કરતાં દુનિયાનો ભાગ બન્યા છીએ. કેટલાંકએ એ મેળવ્યું જે ઈચ્છ્યું હતું, કેટલાંક આજે પણ વિચારે છે – ''શું ખબરપ'' સ્કૂલની બહાર હાફ પેન્ટવાળા ગોળીયાના ઠેલાં પર મિત્રોની મહેરબાનીથી જે મળતું – એ ક્યાં ગુમ થઈ ગયું? અમે દુનિયાના કોઈ પણ ખૂણે હોઈએ, પણ હકીકત એ છે કે – અમે હકીકતમાં જીવ્યા અને હકીકતમાં મોટા થયા. કપડાંમાં સિલવટ ન પડે, સંબંધોમાં ઔપચારિકતા રહે – એ અમને ક્યારેય આવડ્યું નહી. રોટલી–શાક વિના ડબ્બો હોઈ શકે – એ અમને ખબર જ નહોતી. અમે ક્યારેય અમારી કિસ્મતને દોષ આપ્યો નહોતો. આજે પણ અમે સપનામાં જીવીએ છીએ, શાયદ એ જ સપના અમને જીવવાની શક્તિ આપે છે. અમારું જીવન વર્તમાન સાથે ક્યારેય તુલના કરી શકતું નથી.અમે સારા હોઈએ કે ખરાબ –પણ અમારો પણ એક જમાનો હતો.

વસંત મહેતા (દાદુ)

સ્કોટલેન્ડના ફર્સ્ટ મિનિસ્ટર શ્રીયુત જોન સ્વિની સહિત ડેલિગેશન ગુજરાતની મુલાકાતે



ભારત અને દેશમાં વિકાસના રોલ મોડેલ તેમજ ગ્રોથ એન્જિન તરીકે ઓળખાતા ગુજરાતની સ્કોટલેન્ડના ફર્સ્ટ મિનિસ્ટર શ્રી જોનન સ્વિનીના અધ્યક્ષસ્થાને કુલ ૧૧ સભ્યોનું પ્રતિનિધિ મંડળ તા. ૨૨ થી ૨૫ ઓક્ટોબર દરમિયાન ગુજરાતની મુલાકાત આવ્યું છે.તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગાંધીનગરમાં તૈયાર થયેલી વૈશ્વિક કક્ષાની ગિફ્ટ સિટીની શ્રીયુત જોનના નેતૃત્વમાં પ્રતિનિધિ મંડળે આજે પ્રત્યક્ષ મુલાકાત કરી હતી.આ મુલાકાત વેળાએ ગિફ્ટ સિટીના સર્વાંગી વિકાસ,અલગ અલગ નાણાકીય સેવાઓ, રોકાણ તથા નિકાસના વિવિધ ક્ષેત્રો અંગેની જાણકારી મેળવીને શ્રીયુત જોન સ્વિની તેમજ પ્રતિનિધિ મંડળ પ્રભાવિત થયું હતું.

આ ઉપરાંત ગિફ્ટ સિટીમાં અતિ આધુનિક એવી 'યુટિલિટી ટનલ'ની સુવિધાઓ નિહાળીને શ્રીયુત જોને એડવાન્સ ટેકનોલોજીના વખાણ કર્યા હતા.

યુટિલિટી ટનલ' સિસ્ટમ:

ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર (ૈૂજીઝ) અને અદ્યતન સ્માર્ટ સિટી 'ગિફ્ટ સિટી' હાઇ-રાઇઝ ઇમારતો અને સઘન વસ્તીને ધ્યાનમાં રાખીને માળખાકીય સુવિધાઓના નિર્માણમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ અને દુનિયા માટે એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કરી રહી છે. વધતી વસ્તી સાથે વીજળી, પીવાનું પાણી, કૂલિંગ અને ટેલિકોમ્યુનિકેશન જેવી આવશ્યક સેવાઓની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ગિફ્ટ સિટી દ્વારા અદ્યતન 'યુટિલિટી ટનલ' સિસ્ટમ વિકસાવવામાં આવી છે, જે શહેરની વાસ્તવિક કરોડરજ્જુ તરીકે કાર્ય કરી રહી છે.

સામાન્ય રીતે શહેરોમાં માળખાકીય સુવિધાઓના રિપેરિંગ કે નવનીકરણ માટે રસ્તાઓ વારંવાર ખોદવામાં આવતા હોય છે, જેનાથી નાગરિકોને અગવડ પડે છે અને શહેરનું સૌંદર્ય પણ બગડે છે. આ પરંપરાગત સમસ્યાના કાયમી ઉકેલરૂપે ગિફ્ટ સિટીએ વિશ્વના અગ્રણી સ્માર્ટ સિટીઝથી પ્રેરિત થઈને ભૂગર્ભ યુટિલિટી ટનલનું નિર્માણ કર્યું છે. આ સિસ્ટમ હેઠળ તમામ સેવાઓનું નેટવર્ક જમીનની અંદર સેટ કરવામાં આવ્યું છે, જેનાથી રસ્તાઓ પર ખોદકામ કરવાની જરૂર પડતી નથી.

યુટિલિટી ટનલ સિસ્ટમની મુખ્ય વિશેષતાઓ:

જમીનનો આદર્શ ઉપયોગ:

ટનલ માટે જમીનની એક નાની પટ્ટીનો જ ઉપયોગ થાય છે. તેની ઉપરની જગ્યાનો બસ સ્ટોપ, પેડેસ્ટ્રિયન વોક-વે, બેસવાની જગ્યાઓ તેમજ નાની દુકાનો કે કિઓસ્ક માટે ઉપયોગ કરી શકાય છે.

★ સુવિધાઓનું વર્ગીકરણ:

વીજળીના કેબલ, પીવાના પાણીની પાઇપલાઇન, ડિસ્ટ્રિક્ટ કૂલિંગ પાઇપલાઇન, ઓટોમેટેડ સોલિડ વેસ્ટ પાઇપલાઇન, ઓટોમેશન કેબલ અને સંચાર કેબલ ટનલની અંદર ગોઠવવામાં આવ્યા છે.

★ ટનલની રચના: ટનલના ઉપરના ભાગમાં બેકઅપ સિસ્ટમ ધરાવતા ઇલેક્ટ્રિકલ કેબલ અને નીચેના ભાગમાં પાણી, કચરા નિકાલ અને સંચાર લાઇન ગોઠવવામાં આવી છે.

સમર્પિત કોરિડોર:

સુરક્ષાના કારણોસર સીવેજ (ગટર), સ્ટોર્મવોટર અને ગેસ પાઇપલાઇનને ટનલની બહાર એક અલગ સમર્પિત કોરિડોરમાં મૂકવામાં આવ્યા છે.

★ જીઝછઢછ દ્વારા ડિજિટલ મોનિટરિંગ:★

સમગ્ર યુટિલિટી ટનલનું સુપરવિઝન સેન્ટ્રલ કંટ્રોલ રૂમમાંથી જીઝછઢછ (જીીદ્રિેજઅિ ઝ્રહંઙ્મિ ઠ્ઠહઙ્ઘ્ર ઢ્ઢઠ્ઠંઠ્ઠ છઠ્ઠીજૈંહ) ટેકનોલોજી દ્વારા ૨૪ કલાક કરવામાં આવે છે. જો કોઈ વિસ્તારમાં તકનીકી સમસ્યા સર્જાય, તો કંટ્રોલ રૂમ દ્વારા મેન્ટેનન્સ ટીમને ત્વરિત જાણ કરવામાં આવે છે, જેથી રસ્તા પર વાહનવ્યવહારને ખલેલ પહોંચાડ્યા વિના ઝડપી રિપેરિંગ શક્ય બને છે.

ભવિષ્યલક્ષી આયોજન અને વિસ્તરણ:

શહેરના ભાવિ વિકાસ અને નવી બનનારી ઇમારતોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ ટનલનું આયોજન કરવામાં આવ્યું છે.

વધુમાં સમગ્ર ગિફ્ટ સિટીમાં કુલ ૧૬ કિલોમીટર લાંબી યુટિલિટી ટનલ બનાવવાનું લક્ષ્યાંક છે.જે પૈકી ૫.૫ કિલોમીટર નેટવર્ક હાલમાં પૂર્ણપણે કાર્યરત છે. જ્યારે અન્ય ૫.૫ કિલોમીટર ટનલનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે.બાકી રહેલો ભાગ શહેરના તબક્કાવાર વિકાસ સાથે પૂર્ણ કરવામાં આવશે. નવી બનતી ઇમારતોને બેઝમેન્ટ દ્વારા સીધી જ આ ટનલ નેટવર્ક સાથે જોડી દેવામાં આવે છે.

ગિફ્ટ સિટીની આ યુટિલિટી ટનલ માત્ર એક ટેકનોલોજીકલ સિદ્ધિ નથી, પરંતુ તે પર્યાવરણ-અનુકૂળ, ટકાઉ, આધુનિક અને વિશ્વસ્તરીય નાગરિક સુવિધાઓ પ્રદાન કરવાની ગિફ્ટ સિટીની કટિબદ્ધતા દર્શાવે છે.

વિજય થલપતિ સામે સાઉથના વધુ એક સુપર સ્ટાર રાજકારણમાં ઉતરે તેવી ચર્ચાએ જોર પકડ્યું



તમિલ સુપરસ્ટાર થલપતિ વિજય અને ધનુષની રાજકીય પ્રવેશની અટકળો વચ્ચે તેમની સંપત્તિની સરખામણી ચર્ચામાં છે. વિજયે 'તમિલગ વેટ્રિ કઝગમ' (ફ્રદ્ધ) પાર્ટી સ્થાપી, જ્યારે ધનુષના રાજકારણમાં આવવાની અફવાઓ છે. રિપોર્ટ મુજબ, ધનુષની નેટવર્થ ?૨૦૦-૨૩૦ કરોડ છે, જ્યારે વિજયની સંપત્તિ ?૬૦૦-૬૫૦ કરોડથી વધુ આંકવામાં આવે છે. વિજય એક ફિલ્મ માટે ?૧૦૦-૧૫૦ કરોડ લે છે, જે ધનુષ કરતા નોંધપાત્ર રીતે વધુ છેવિજય થલપતિ સામે સાઉથના વધુ એક સુપર સ્ટાર રાજકારણમાં ઉતરે તેવી ચર્ચાએ જોર પકડ્યુતમિલ સિનેમાના બે સૌથી મોટા સુપરસ્ટાર થલપતિ વિજય અને ધનુષ પોતાની ફિલ્મો તેમજ અંગત જીવનને લઈને સતત ચર્ચામાં રહે છે. વિજયે પોતાની રાજકીય પાર્ટી 'તમિલગ વેટ્રિ કઝગમ' (ફ્રદ્ધ)ની સ્થાપના કરીને સક્રિય રાજકારણમાં પદાર્પણ કર્યું છે, ત્યારે હવે અભિનેતા ધનુષ પણ રાજકારણમાં પ્રવેશ કરશે તેવી અટકળોએ જોર પકડ્યું છે. જોકે આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ સામે આવી નથી, પરંતુ આ ચર્ચાઓ વચ્ચે બંને અભિનેતાઓની સંપત્તિ અને નેટવર્થની સરખામણી રસપ્રદ બની છે.રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેતા ધનુષ તમિલ ફિલ્મો ઉપરાંત બોલિવૂડ અને હોલીવૂડમાં પણ પોતાની ઓળખ બનાવી ચૂક્યા છે. અહેવાલો અનુસાર ધનુષની કુલ નેટવર્થ આશરે ?૨૦૦ કરોડથી ?૨૩૦ કરોડની આસપાસ હોવાનો અંદાજ છે. તેઓ એક ફિલ્મ માટે મોટી ફી વસૂલવા ઉપરાંત બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ્સ અને પોતાના પ્રોડક્શન હાઉસ 'વન્ડરબાર ફિલ્મ્સ' થકી પણ તગડી કમાણી કરે છેતમિલ ઇન્ડસ્ટ્રીના સૌથી વધુ કમાણી કરતા અભિનેતાઓમાં સામેલ થલપતિ વિજય સંપત્તિની બાબતમાં ધનુષ કરતાં ઘણા આગળ છે. વિજયની કુલ નેટવર્થ આશરે ?૬૦૦ કરોડથી ?૬૫૦ કરોડથી વધુ આંકવામાં આવે છે. તેઓ પ્રત્યેક ફિલ્મ માટે ?૧૦૦ કરોડથી ?૧૫૦ કરોડ સુધીનો તોતિંગ ચાર્જ લેતા રહ્યા છે. બંને સ્ટાર્સની કુલ સંપત્તિ વચ્ચે અંદાજે ?૪૦૦ કરોડથી વધુનો મોટો તફાવત જોવા મળે છે.થલપતિ વિજયે પોતાની પાર્ટી ફ્રદ્ધ બનાવીને તમિલનાડુના ચીફ મિનિસ્ટર બન્યા છે. આ દરમિયાન વિજયના રાજકીય પ્રવેશ બાદ ધનુષ વિશે પણ ચર્ચાઓ શરૂ થઈ હતી કે શું તેઓ રાજકારણમાં ઝંપલાવશે કે પછી કોઈ મુખ્ય પાર્ટીને સમર્થન આપશે. જોકે ધનુષ સાથે સંકળાયેલા સૂત્રોનું માનવું છે કે હાલ તેમનું સંપૂર્ણ ધ્યાન ફિલ્મો અને નિર્દેશન પર જ કેન્દ્રિત છે અને નવી પાર્ટી બનાવવાની વાતો માત્ર અફવા છે.

જાતિગત પક્ષપાત કે સામાજિક ન્યાય..??

સોલાર યોજના અને અનામત નીતિની વ્યાપક સમીક્ષાની માંગ

ભારત એ વિવિધતામાં એકતા ધરાવતો મહાન દેશ છે. બંધારણના ઘડવૈયાઓએ એક એવા કલ્યાણકારી રાજ્યની કલ્પના કરી હતી જ્યાં સમાજના દરેક નાગરિકને સમાન તક, સમાન ન્યાય અને આત્મસન્માનપૂર્વક જીવવાનો અધિકાર મળે. પરંતુ વર્તમાન સમયમાં સરકારી યોજનાઓ, શિક્ષણ અને રોજગાર ક્ષેત્રે જ્ઞાતિ આધારિત વર્ગીકરણના કારણે સમાજમાં એક નવો અસંતોષ અને વિભાજનની રેખાઓ સ્પષ્ટ દેખાઈ રહી છે.

તાજેતરમાં જ જાહેર કરાયેલી સોલાર રૂફટોપ યોજનામાં સામાન્ય વર્ગના નાગરિકો માટે ૧૦% અને ચોક્કસ વર્ગ (જીઝ/જી) માટે ૫% રકમ ભરપાઈ કરવાની જોગવાઈ રાખવામાં આવી છે. આ નિર્ણય પાછળ સરકારનો ઉદ્દેશ્ય ભલે સામાજિક ઉત્થાનનો હોય, પરંતુ એક જ નાગરિક ધારા હેઠળ આવતા લોકોમાં પર્યાવરણ અને ઉર્જા સંબંધિત કલ્યાણકારી યોજનાઓમાં જ્ઞાતિના આધારે ભેદભાવ કરવો કેટલો યોગ્ય?આજે સામાન્ય કે બિનઅનામત વર્ગમાં પણ લાખો એવા પરિવારો છે જેઓ આર્થિક રીતે અત્યંત નબળા છે અને દૈનિક રોજીરોટી માટે સંઘર્ષ કરી રહ્યા છે. જ્યારે બીજી તરફ, ચોક્કસ વર્ગમાં આર્થિક રીતે સમૃદ્ધ થઈ ચૂકેલા લોકોને પણ આ યોજનાઓનો વિશેષ લાભ મળે છે. આ પ્રકારના નીતિવિષયક તફાવતથી સામાન્ય વર્ગના ગરીબ અને મધ્યમવર્ગીય નાગરિકોમાં ઉપેક્ષા અને અન્યાયની લાગણી જન્મે છે.

??. આ વિષય માત્ર સામાન્ય જનતાનો અસંતોષ નથી, પરંતુ દેશની અદાલતોએ પણ સમય-સમય પર આ બાબતે ચિંતા વ્યક્ત કરી

ઈન્દિરા સાહની કેસ (૧૯૯૨)માં સુપ્રીમ કોર્ટે અનામતની મર્યાદા ૫૦% નક્કી કરી હતી. તાજેતરમાં ઓગસ્ટ ૨૦૨૪માં સુપ્રીમ કોર્ટના ૭ જજોની પીઠે સ્પષ્ટ ટિપ્પણી કરી હતી કે, ×જે લોકો અનામતનો લાભ લઈને આગળ વધી ગયા છે અને સક્ષમ બની ગયા છે, તેમને 'ક્રીમી લેયર' હેઠળ અનામતમાંથી બહાર કરવાનો સમય આવી ગયો છે, જેથી સાચા વંચિતો સુધી લાભ પહોંચી શકે.×

વર્ષ ૨૦૧૫માં ગુજરાત હાઈકોર્ટે પણ ચિંતા વ્યક્ત કરતા નોંધ્યું હતું કે, અનામતનો મૂળ હેતુ સામાજિક સમાનતા લાવવાનો હતો, પરંતુ કાળક્રમે રાજકારણીઓએ તેને વોટબેંકનું સાધન બનાવી દીધું છે. દેશના વિકાસ માટે અનામત અને સહાયનો આધાર માત્ર અને માત્ર આર્થિક સ્થિતિ હોવો જોઈએ.

સુપ્રીમ કોર્ટે ડૉ. સુભાષ કાશીનાથ મહાજન કેસ (૨૦૧૮)માં તેમજ વિવિધ હાઈકોર્ટોએ નોંધ્યું છે કે એટ્રોસિટી એક્ટ જેવા કાયદાઓ શોષિતોના રક્ષણ માટે બનેલા છે, પરંતુ અંગત અદાવત કે નાણાકીય વિવાદોમાં તેનો દુરુપયોગ વધી રહ્યો છે, જે નિર્દોષોને હેરાન કરે છે અને સમાજમાં કડવાશ ઊભી કરે છે.

શિક્ષણ અને સરકારી નોકરીઓમાં ઊંચા ગુણ લાવવા છતાં સામાન્ય વર્ગનો તેજસ્વી યુવાન પ્રવેશ કે નોકરીથી વંચિત રહી જાય છે, જ્યારે ઓછા ગુણ ધરાવનાર વ્યક્તિને સરળતાથી તક મળી જાય છે. આનાથી યુવાધનમાં હતાશા વ્યાપે છે અને દેશની શ્રેષ્ઠ પ્રતિભાઓનું બ્રેઈન ડ્રેઈન (પરદેશ ગમન) થાય છે.

જ્યારે નીતિઓનો આધાર માત્ર જ્ઞાતિ બને છે, ત્યારે સમાજના અલગ-અલગ વર્ગો વચ્ચે પરસ્પર અવિશ્વાસ, ઈર્ષ્યા અને કડવાશ ઉત્પન્ન થાય છે. જે અનામતનો હેતુ સમાજને જોડવાનો હતો, તે આજે સમાજને ટુકડાઓમાં વહેંચવાનું કામ કરી રહી છે.

કોઈપણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર તેની સામાજિક એકતા અને સમરસતા પર રહેલો હોય છે. જો સમાજનો એક મોટો વર્ગ સતત પોતાને અન્યાયનો ભોગ બનતો અનુભવશે, તો દેશમાં કાયમી શાંતિ અને વિકાસ શક્ય નથી. આ સમસ્યાના ઉકેલ માટે નીચે મુજબના પગલાં લેવા અનિવાર્ય છે.

સરકારની દરેક સબસિડી, કલ્યાણકારી યોજના અને અનામતનો મુખ્ય આધાર જાતિને બદલે માત્ર અને માત્ર આર્થિક સ્થિતિ (આવક) હોવો જોઈએ. ગરીબ વ્યક્તિ ભલે કોઈપણ જ્ઞાતિનો હોય, તેને સમાન હક્ક અને સહાય મળવી જ જોઈએ.૭૦ થી વધુ વર્ષોથી ચાલી આવતી યોજનાઓ અને અનામત પ્રથાનું નિષ્પક્ષ મૂલ્યાંકન થવું જોઈએ. જે પરિવાર કે વ્યક્તિ આર્થિક અને સામાજિક રીતે સક્ષમ થઈ ચૂક્યા છે, તેમને આ લાભોમાંથી મુક્ત કરી સાચા જરૂરિયાતમંદ સુધી મદદ પહોંચાડવી જોઈએ.સ્પર્ધાત્મક ક્ષેત્રોમાં પ્રતિભાને યોગ્ય સ્થાન મળે અને દરેક ભારતીય નાગરિક પોતાને આ દેશનો સમાન હિસ્સેદાર સમજે તેવી નીતિઓનું ઘડતર થવું જોઈએ.સમય આવી ગયો છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારો વોટબેંકની રાજનીતિથી ઉપર ઊઠીને સામાજિક સમરસતા અને વાસ્તવિક ન્યાયની દિશામાં વિચાર કરે. અનામત, કાયદાઓ અને સરકારી યોજનાઓની વ્યાપક તથા પારદર્શી સમીક્ષા જ ભારતીય સમાજને ટુકડાઓમાં વહેંચાતો અટકાવી શકશે અને 'સૌનો સાથ, સૌનો વિકાસ' ના નારાને સાચા અર્થમાં ચરિતાર્થ કરશે.

અમીત ત્રિવેદી (૨૨/૧૦/૨૬)

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No 387
વિષયઃ સાહિત્યિક મંચોનુ આંતરિક રાજકારણ
શીર્ષકઃ હુ..તુ..તુ..તુ..જામી રમતની રુતુ...
પ્રકારઃ ગદ્ય, શબ્દોઃ૩૧૮

સાહિત્યિક મંચોનુ આંતરિક રાજકારણ ખેલાય છે ત્યારે નવા સર્જકો માટે પડકારરૂપ સાબિત થાય છે.સાહિત્ય એ માનવ સંવેદનાના વિચારો ને વ્યક્ત કરવાનું અને સત્યને અભિવ્યક્ત કરવાનું સુંદર પ્લેટફોર્મ છે.પરંતુ જ્યારે આ સાહિત્યિક પ્રવૃત્તિઓ,મંચો, પરિષદ, સંસ્થાઓ કે અકાદમી ઓનું રુપ ધારણ કરે છે.ત્યારે તેમાં સાહિત્યિક રાજકારણનો પ્રવેશ સહેજ વિષાદ પૂર્ણ બની જાય છે.આ વિષય આજના સમયમાં વધુ જટિલ અને ગહન બનતો જાય છે તે ખૂબ ચિંતાનો વિષય છે.

સાહિત્યિક મંચનો મૂળ હેતુ નવોદિત ઉભરતા સર્જકોને પ્રોત્સાહન આપી ગુણવત્તા સભર કૃતિઓની સમીક્ષા કરી ભાષા સાહિત્યનો વ્યાપ વધારવાનો હોય છે.પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે આ મંચોમા જૂથબંધી,પદ, પ્રતિષ્ઠા,?, સત્તાનાં કેન્દ્ર સ્થાન બની જાય છે .મંચ ઉપર કોને ક્યાં સ્થાન આપવું, કોને કેટલું/શું બોલવા દેવું, કોનું સન્માન કરવું જેમ કે શાલ ઓઢાડવી,દીપ પ્રાગટ્ય માં કોને કહેવું, કોને પારિતોષિક કે ઍવોર્ડ આપવો, કોને ઑડિયન્સ માં ક્યાં બેસાડવા, કોને! કેટલા પ્રમાણમાં કદ પ્રમાણે વેતરી કામ કરાવી લેવું,તો કેટલાકને "સાચવવાના" હોય છે. ક્યારેક એવું થાય કે હવે મંચ ઉપરથી સત્ય અને નિખાલસ અભિવ્યક્તિ થશે!પણ આ આશા ઠગારી નીવડે છે. કેટલું સાહજિક સત્ય કહેવાશે કે કેટલું ગળી જશે એ તો જે તે સમયની પરિસ્થિતિ પર સંપૂર્ણ આધાર હોય છે સ્ક્રીપ્ટ રેડી જ હોય છે.આવુ કયારેક નાટક કે ફારસ સાબિત થાય છે.નવા સર્જકોની આમાં આકરી કસોટી થાય છે.આવુ કરનાર એ ભૂલી જાય છે કે તેઓ પણ ક્યારેક નવા જ હતાં!!

પણ આ બધી રમતોની વચ્ચે એક આનંદની વાત એ છે કે- "એક નાનું+નવું કોડિયું પ્રજ્વલિત રહે છે.તે છે આશાસ્પદ નવો સર્જક ! તેને નથી જોઈતું મંચ કે માઈક,શાલ કે પુરસ્કાર કે પછી કોઈ એવોર્ડ! એને તો જોઈએ છે એક સારો અને સાચો વાચક !કે જે તેની કલમે દિલ+દિમાગના સમન્વય થી લખાયેલા-અભિવ્યક્ત થયેલા શબ્દોનાં અર્થોનાં મર્મને સમજે!! અને ત્યાં જ સાહિત્ય ઝીલાતુ રહેશે જીવંત રહેશે, નહીં કે દંભ દેખાડા માં!"

"પ્યોર , ક્યોર અને સ્યોરની સાહિત્યની નદીમાં વહેતાં રહેવાથી ગંગા સ્નાન જેવી અનુભૂતિ કરાવે..."જેમ કે....
" એક રજકણ સૂરજ થવાને શમણે ..."
પુનિતા બેન -અમદાવાદ

★★★★★★★
NOG SS NO : 419
વિષય : સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ
શિર્ષક : મંચ પાછળનો ખેલ
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૧૦૬

વાહ-વાહના વ્યાપાર પાછળ, કેવો મોટો ખેલ છે!
લાગે છે જે બહારથી ઉત્સવ, અંદર એ તો જેલ છે.
સાહિત્યની સેવા તો બસ, કહેવા પૂરતી વાત છે,
પોતાનાને જ પંપાળવાની, અહીં ચાલતી રમત છે.
ગુણવત્તા તો ખૂણે બેસી, આંસુ સારતી રહી ગઈ,
ને ખુશામત કરનારાઓની, અહીં લાગતી લાઈન છે.
સાચો કવિ તો મૌન થઈને, દર્દ મનમાં ઘૂંટતો,
અહીં ખુરશી મેળવવા માટે, અંદરોઅંદર જૂથ છે.
કાવ્યોના આ મંચ ઉપર, રાજકારણ ખેલાય છે,
જ્યાં શબ્દોના સાચા હીરા, સસ્તા ભાવે વેચાય છે.
ટોળકી પોતાની બનાવી, પુરસ્કારો વહેંચાય છે,
લાયકાતને બાજુ પર મૂકી, સગાં-વહલાં હરખાય છે.
પણ રાખજે વિશ્વાસ ઓ કવિ! તારી કલમની ધાર પર,
સત્યનો આ અક્ષર એક દિવસ, લખાશે સુવર્ણ અક્ષર પર!

અક્ષય.ડી.રામી/માલી
રાજપીપળા

★★★★★★★
NOG SS 0092
વિષય સાહિત્ય મંચોનું આંતરિક રાજકારણ
શીર્ષક - અંચળાની હેઠે
પ્રકાર - પદ્ય. શબ્દ -૧૩૧

ભેટ મળે છે જૂજ વિરલાઓને,
મા સરસ્વતી પાસેથી આ હુનરની.
માને ભરોસો કે કરશે સેવા, સાહિત્યની,
રાખી ચાંપતી ને સંવેદનશીલ નજરની.

ખેંચતાણ કરે છે મંચો ભોળવવા,
સાહિત્યની પારખું એ નજરની.
ક્યાંક પ્રસિદ્ધિ તો ક્યાંક પુરસ્કારના નામે,
રાજકારણથી અલિપ્ત એ બેખબરની!

ઉદાત્ત વિચારોના સ્વામી,
અટવાય છે આપેલા વિષયોમાં.
જાણે જંગલના રાજાને,
હવે ફિકર રહી ગઈ છે એક પિંજરની!

હું મોટો ને તું નાનો,
હું મંજેલો, પરિપક્વ ને તું નવોદિત.
વર્ગીકરણ કરી દેવાય છે,
સરસ્વતી માતાના ખમતીધરની.

સેવાનો ધર્મ વિસરાઈને,
અહીં અંચળા હેઠે વેપલો જામી પડ્યો.
સાહિત્યમંચોને છે કોઈ ચિંતા,
આ બદલાયેલ રૂપ નવતરની?

ડર છે હવે કે સરસ્વતીજી,
રીસાઈ ના જાયે!
નહીં તો ખુલ્લાં થશે નકાબો ને,
નાલેશી મળશે જીવનભરની.

અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર.

★★★★★★★
N. O. G. S. S. No. 0102.
વિષયઃ- સાહિત્યિક મંચોનુ આંતરિક રાજકારણ.
પ્રકારઃ- ગદ્ય. શબ્દોઃ-,૨૮૦.

આજના સમયમાં જેમ સોશિયલ મીડિયા નું પ્રમાણ વધ્યું છે, તેમ જ્યારે વરસાદ પડે અને થોડા સમયમાં ચારે તરફ ઘાસ ઊગી નીકળે તે તેવી રીતે ચારે બાજુ સાહિત્યકારો ફૂટી નીકળ્યા છે. આવા સાહિત્યકારો હળદરના ગાંઠિયે ગાંધી બની બેઠા છે. ત્યાં સુધી તો ઠીક છે પરંતુ આવા લોકો પોતે ઝડપથી આગળ આવે મંચસ્થ બને ચારે તરફ તેની વાહ વાહ થાય તેવા પ્રયત્નો કરવામાં કો કચાસ રાખતા નથી. આજે સાહિત્ય મંચોનું મહત્વ વધી ગયું છે. સાહિત્યકારોને બોલાવો તેની વ્યવસ્થા, મંડપનો , લાઈટનો , જમણવાર વગેરે ઘણો મોટો ખર્ચ થાય છે. બીજા લોકોની મદદથી આવા બધા આયોજનો થાય છે. સાહિત્યકારોએ તો ફક્ત પોતાના વક્તવ્ય રજૂ કરવાના હોય છે, પરંતુ કેટલાક પોતાની જાતને સાહિત્યકાર બતાવનારા લોકો પોતાને વધુ માન સન્માન મળે તે માટે આંતરિક ખટવટો કરી અને પોતે આગવું સ્થાન મંચસ્થ કરે છે અને આને માટે જે દાતા હોય છે, તેઓનો સંપર્ક સાધી અને પોતાનું નામ આગળ આવે તેવી કોશિશ કરતા હોય છે અને તેમાં સફળ પણ થાય છે. આવા લાગવગીઆ લોકો સાફા પહેરી, સાલ ઓઢી સન્માનને પાત્ર બની જાય છે. વિદ્વાન સાહિત્યકારો આ તપાસો જોતા રહે છે.

સાહિત્યકાર બનવા માટે અથક મહેનત સખત પરિશ્રમ એ ખૂબ જરૂરી છે. આજે તો છીછરા સાહિત્યકારો જેઓ કાલિદાસ, ભવભૂતી પ્રેમચંદ જેવાનાનામ સાંભળ્યા નથી તેવા લોકો પોતાની જાતના સાહિત્યકારો ગણે છે.

અન્ય કૃતિઓ માંથી થોડા ફેરફાર સાથે પોતાને નામે કૃતિ ચડાવી દેવી. એઆઈની મદદથી રચના કરવી. આવા ગોરખધંધા ઘણા સાહિત્યકારો કરે છે અને જેથી ખાસ જે સાહિત્યકારો છે તેને ઘણો અન્યાય થાય છે.

આજે સાહિત્યના રંગમંચ ઉપર રાજકારણ ઘૂસી ગયું છે અને તેને કારણે વિદ્વાનોએ ઘણું સહન કરવું પડે છે.

સાહિત્ય ચોરી અટકવી જોઈએ સાહિત્યકારોની કૃતિનું વિદ્વાનો દ્વારા મૂલ્યાંકન થવું જોઈએ અને તેની કદર થવી જોઈએ એ આજે ખૂબ જરૂરી છે સાહિત્યકારોનો મંચ રાજકારણ ન બને તે સાહિત્યકારોએ જોવું જોઈએ.
રતીલાલ વાયડા.(રોડપાલી, નવી મુંબઈ.)

ચાંદની પડવો — સુરતનું જમણ અને સુરતી ઘારીનો ઠાઠ! (સંત સુરા)

ચાંદની પડવો અને સુરતી ઘારી — જમણ, મરણ અને બજાર વચ્ચેની મીઠી કથા!

સુરત માટે એક જ કહેવત પૂરતી છે — સુરતનું જમણ અને કાશીનું મરણ. આ જમણનો તાજ એટલે ઘારી. અને ઘારીનો તાજદાર દિવસ એટલે ચાંદની પડવો!

૧૨ મહિનાનો વેપાર એક દિવસમાં

સુરતના કંદોઈ કહે છે — બાર મહિનામાં જેટલી ઘારી નથી વેચાતી, એટલી એક ચાંદની પડવે વેચાય છે. એ દિવસે ઉજાણી છે, મિજબાની છે. નોકરિયાતથી માંડીને મિલમાલિક સુધી — બધાના ઘરે ઘારી જોઈએ. આજે તો ઘણા સમાજ અને મંડળો પણ ઘારી બનાવીને વેચે છે — કોઈ સેવા માટે, કોઈ મંદિરના ભંડોળ માટે. ઘારી હવે ધંધો નથી, ઉત્સવ છે.

ઘારીનો મૂળ સંબંધ મરણ સાથે

ઘણાને ખબર નથી, પણ અસલી ઘારી મીઠાઈ તરીકે નહીં, મરણોત્તર વિધિ તરીકે શરૂ થઈ. મરણ પછી ૧૨મા અને ૧૩માના દિવસે દૂધપાક સાથે ઘારી પીરસવાની પ્રથા હતી. કારણ? ઘી-માવો શક્તિ આપે, દુઃખી પરિવારને ટકાવે. ત્યાંથી ધીમે ધીમે એ શુભ પ્રસંગમાં આવી. આજે પણ જૂના સુરતીઓ ૧૩મા પર ઘારી જ પીરસે છે.

કેમ મોટી કંપનીઓ ઘારી નથી બનાવતી!?

આ સવાલ બધા પૂછે છે — ટેસ્ટ ઓફ ઈન્ડિયા, દૂધ પીતા હૈ ઈન્ડિયા — દૂધની બધી બનાવટ બનાવે છે, પણ સુરતી ઘારી નથી બનાવતી. કારણ સીધું છે — ઘારી મશીનની મીઠાઈ નથી, હાથની કળા છે. મેંદાનું પાતળું પડ, અંદર બુરા ખાંડ વાળો માવો, ઉપર ઘીનો હાથ — આ બધું કારીગરના અંદાજથી થાય, ફોર્મ્યુલાથી નહીં. એટલે જ ઘારી આજે પણ સુરતની જ રહી છે.

આરોગ્ય ખાતું અને ઘારીનું રાજકારણ!

ચાંદની પડવાના એક મહિના પહેલાથી આરોગ્ય ખાતું ચેકિંગ શરૂ કરે છે — માવો અને ઘીના સેમ્પલ લેવાય છે. પણ બજારમાં ચર્ચા એવી પણ છે કે કેટલાક સુખડિયા-કંદોઈ-મીઠાઈવાળા ભ્રષ્ટ અધિકારીઓને ખુશ રાખવા મોટી રકમના કવર અને ઘારીના બોક્સ મોકલી દે છે. અને પછી એ જ બોક્સ બજારમાં ૫૦% ભાવે રીસેલ થઈને રોકડા થઈ જાય છે એવી ફરિયાદો પણ ઉઠે છે. આમાં કેટલું સત્ય, કેટલું બજાર ગપ્પું — એ તો તપાસનો વિષય છે, પણ સુરતીઓ આ વાત ચાંદની પડવે દર વર્ષે કરે છે!

આઝાદી પછીનો તો એક બીજો કિસ્સો બહુ જાણીતો છે. સુધરાઈનાં ધોતિયાદાસ નગરસેવકો મફતમાં ગજા બહારની ઘારી ઝાપટી જતા. બીજે દિવસે તબિયત બગડે અને અખબારમાં હેડિંગ આવે — "ઘારી ખાતા ધોતિયા ખરડાયા". આ હેડિંગ આજે પણ જૂના પત્રકારો યાદ કરે છે!

બ્લોટિંગ પેપર વાળી ઘારીનો કિસ્સો!

સૌથી ચોંકાવનારો કિસ્સો આઈટી રેડ દરમિયાન બહાર આવેલો. એક ઉત્પાદક ત્યાં માવાને બદલે દૂધી છીણીને નાખતો, ઘીને બદલે મીણ પીગાળીને નાખતો અને ઘારીનું કોટિંગ કરવા દૂધમાં પલાળેલા બ્લોટિંગ પેપરનું મિશ્રણ કરતો. પકડ કેમ થયો? હિસાબમાં ખાંડનું બૂરું અને રતલામી માવાના બિલ સાથે સ્ટેશનરીનું બિલ નીકળ્યું — શાહી ચૂસ કાગળ (બ્લોટિંગ પેપર)ની મોટી ખરીદીનું! અધિકારીને શંકા ગઈ અને આખું કૌભાંડ પકડાયું!

આજે એ દિવસો ગયા, પણ સસ્તી ઘારીના નામે હજુ પણ ભેળસેળ થાય છે એ હકીકત છે!

તો શું કરવું!?

ચાંદની પડવો માણો, પણ ડહાપણથી. વિશ્વાસુ દુકાનેથી જ ઘારી લો, બહુ સસ્તી ઘારીથી બચો, અને ડાયાબિટીસવાળા માપમાં ખાઓ!

ચાંદ આકાશમાં છે, ઘારી થાળીમાં છે — પણ સુરતીપણું તો એ બંનેને સાથે માણવામાં છે. એ જ તો સુરતનું જમણ!

બજારમાં વેચાતી ખુલ્લી / ચીલાચાલુ ઘારી અને જાણીતી સહકારી દૂધ મંડળીની ઘારી વચ્ચેનો તફાવત...!

૧. ઉત્પાદન સ્થળ
બજારુ ઘારી ખુલ્લામાં બનતી હોવાથી ધૂળ, માખી અને પ્રદૂષણથી ભરેલી હોય છે, જ્યારે જાણીતી ઘારી સ્વચ્છ, હાઈજેનિક પ્લાન્ટમાં, હાથ અડાડ્યા વગર પેક થાય છે.

૨. કાચો માલ
બજારુમાં વાસી ઘી અને નકલી માવાનો ઉપયોગ થાય છે, જ્યારે જાણીતી ચોખ્ખા ઘી અને શુદ્ધ માવાથી બનતી હોય છે.

૩. ભેળસેળ
મુક્ત બજારમાં આર્ટિફિશિયલ ફૂડ કલર અને એસેન્સ નાખીને બનાવાય છે, જ્યારે જાણીતીમાં આર્ટિફિશિયલ ફૂડ કલર કે એસેન્સ હોતા નથી. તે કુદરતી કેસર, બદામ, પિસ્તાથી બને છે.

૪. બનાવટ
બજારુ હાથથી વાળવામાં આવે છે જેથી અસ્વચ્છતા રહે છે, જ્યારે જાણીતી મશીનથી પેક થતી હોવાથી ૧૦૦% હાઈજેનિક અને એક્સપોર્ટ ક્વોલિટી છે.

૫. તારીખ
બજારુ ઘારી કેટલા દિવસની છે તે ખબર નથી પડતી, જ્યારે જાણીતી ઘારી મેન્યુફેક્ચરિંગ ડેટ તથા એક્સપાયરી ડેટ સાથે આવે છે.

૬. પેકિંગ
બજારુ ખુલ્લી હોવાથી જલ્દી બગડી જાય છે, જ્યારે જાણીતી એરટાઈટ ડબ્બા પેકિંગથી લાંબો સમય તાજી રહે છે.
એ વાસ્તે પરામર્શ પછી નિષ્કર્ષઃ આમ, બજારુ, ચીલાચાલુ, ઘટિયા છાપ ઘારી કરતા જાણીતી ઘારી અલગ તરી આવે છે અને માનવ સ્વાસ્થ્ય તથા ક્વોલિટીના મામલે ચાંદની પડવો માણવા સારું શુદ્ધ સુરક્ષિત રહેલી હોય છે!શરદ પૂર્ણિમા સહ ચાંદની પડવાની શુભેચ્છા!
લેખકઃ સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

ગુજરાતમાં વીજળીના બિલ પર નવો બોજઃ ગુજરાતના વીજ ગ્રાહકો માટે ચિંતાજનક સમાચાર

ગુજરાતના વીજ ગ્રાહકો માટે ચિંતાજનક સમાચાર, જુલાઈ ૨૦૨૬થી લાગુ કરાયેલા નવા ફ્યુઅલ એન્ડ પાવર પરચેઝ એડજસ્ટમેન્ટસટ ચાર્જ (ફ્રૅછજી) દર મુજબ હવે વીજળીના બિલમાં યુનિટદીઠ રૂ. ૨.૪૫નો બેઝ ચાર્જ અને તેના ઉપરાંત ૩.૯૯%નો વેરિએબલ સરચાર્જ લાગુ કરવામાં આવ્યો છે. અગાઉ એપ્રિલથી જૂન દરમિયાન બેઝ ચાર્જ રૂ. ૨.૩૦ પ્રતિ યુનિટ હતો અને વેરિએબલ સરચાર્જ શૂન્ય હતો. એટલે ગ્રાહકો પર એકસાથે બે પ્રકારનો વધારાનો બોજ આવ્યો છે. ત્યારે સતત મોંઘવારી થી પીડાઈ રહેલ જનતાને ભાજપ સરકારે આપેલ ભાવ વધારાના ઝટકા પર આકરા સવાલ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, મોંઘવારીમાં પીસાઈ રહેલી જનતા પર ૩.૯૯%નો સરચાર્જ શા માટે? વીજળીના ઉત્પાદન અને ખરીદીના ખર્ચમાં ખરેખર કેટલો વધારો થયો છે? સરકાર અને વીજ કંપનીઓ તેનો સ્પષ્ટ હિસાબ જાહેર કરશે? કોલસાથી વીજળી બને છે તો ખર્ચનો હિસાબ ક્યાં છે? કોલસા ઉપરાંત ગેસ, અન્ય વીજ સ્ત્રોતો અને વીજ ખરીદીના ખર્ચમાં થતા ફેરફારોને ધ્યાનમાં લઈને ફ્રૅછજી નક્કી થાય છે. તો ગ્રાહકોને ખર્ચનો પારદર્શક હિસાબ કેમ ન આપવામાં આવે? આ વધારો સપ્ટેમ્બર મહિનાના વીજ બિલથી લાગુ થશે. જોકે, તેની ગણતરી ૧ જુલાઈથી કરવામાં આવનાર હોવાથી જુલાઈ અને ઑગસ્ટ મહિનાના બિલમાં થયેલા તફાવતની રકમ પણ ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવશે. ખેતીવાડી વીજ જોડાણોને બાદ કરતાં રહેણાક મકાનો, દુકાનો, ઑફિસો અને કારખાનાઓ સહિતના વીજ ગ્રાહકોને આ વધારાની અસર થશે.

ઊર્જા ચાર્જ અને સરચાર્જ બંનેનો બોજ કેમ? ગ્રાહકો પાસેથી યુનિટદીઠ રૂ. ૨.૪૫નો ફ્રૅછજી ચાર્જ વસૂલાતો હોય અને તેના ઉપર ૩.૯૯%નો વધારાનો ચાર્જ પણ લાગતો હોય, તો તેની ગણતરી બિલમાં સ્પષ્ટ દેખાવવી જોઈએ. ફિક્સ ચાર્જ પર પણ વધારાની અસર કેમ? લાગુ પડતા નિયમો મુજબ ૩.૯૯%ની ગણતરીમાં ઊર્જા ચાર્જ, બેઝ ફ્રૅછજી અને ફિક્સ/ડિમાન્ડ ચાર્જનો સમાવેશ થાય છે. એટલે ગ્રાહકે વાપરેલી વીજળીના ખર્ચ ઉપરાંત અન્ય ચાર્જ પર પણ તેની અસર થઈ શકે છે.

નવા દરો ૧ જુલાઈ ૨૦૨૬થી લાગુ થયા હોવાથી અગાઉના મહિનાઓના બાકી તફાવતની અસર પણ પછીના બિલમાં દેખાઈ શકે છે. તેથી બિલમાં ફ્યુઅલ એન્ડ પાવર પરચેઝ એડજસ્ટમેન્ટસટ ચાર્જ (ફ્રૅછજી છઢ્ઢદ્વેજંદ્વીહં) અથવા સંબંધિત એન્ટ્રી તપાસો. પરંતુ સૌથી મોટો સવાલ એ છે કે વીજળીના વધતા ખર્ચનો બોજ સામાન્ય મધ્યમવર્ગીય અને ગરીબ પરિવાર પર જ કેમ પડે? સરકાર અને વીજ કંપનીઓએ દર વધારાના કારણો, ગણતરીની પદ્ધતિ અને ગ્રાહકો પર પડતી અસર અંગે જાહેરમાં સ્પષ્ટતા કરવી જોઈએ. વીજળી જીવનજરૂરિયાત છે, વૈભવ નહીં

ગુજરાત સરકાર અને વીજ કંપનીઓએ જવાબ આપવો જોઈએ આ વધારાની ગણતરી કયા ખર્ચના આધારે થઈ? ગ્રાહકોને વિગતવાર હિસાબ અને યોગ્ય માહિતી ક્યારે મળશે? વીજળીના બિલને સામાન્ય પરિવારો માટે પરવડે તેવું રાખવા શું પગલાં લેવાશે? લોકશાહીમાં ગ્રાહક માત્ર બિલ ભરવા માટે નથી; તેને હિસાબ માંગવાનો પણ અધિકાર છે.

આ રીતે વધશે તમારું વીજળીનું બિલ

વીજ વપરાશ / અંદાજિત વધારાની રકમ

૧૦૦ યુનિટ / રૂ. ૩૦ થી રૂ. ૪૫
૩૦૦ યુનિટ / રૂ. ૯૦ થી રૂ. ૧૩૫
૫૦૦ યુનિટ / રૂ. ૧૫૦ થી રૂ. ૨૨૫
૧,૦૦૦ યુનિટ / રૂ. ૩૦૦ થી રૂ. ૪૫૦
૧૦,૦૦૦ યુનિટ / રૂ. ૩,૦૦૦ થી રૂ. ૪,૫૦૦

અમદાવાદ આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ – ૨૦૨૬ અંતર્ગત સનાતન સંસ્થા દ્વારા આયોજિત અનમોલ ગ્રંથ પ્રદર્શનમાં જ્ઞાનગંગાનો લાભ સૌને હાર્દિક આમંત્રણ



અમદાવાદઃ આગામી "અમદાવાદ આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ – ૨૦૨૬" માં સનાતન સંસ્થા દ્વારા સ્ટોલ નં. ઝ-૩૫ પર સાધના, આચારધર્મ, આયુર્વેદ, રાષ્ટ્રરક્ષા, ધર્મજાગૃતિ, અધ્યાત્મ, ધર્મશિક્ષણ તથા બાલસંસ્કાર જેવા અત્યંત મહત્વપૂર્ણ વિષયો પર આધારિત અમૂલ્ય ગ્રંથોનું ભવ્ય પ્રદર્શન આયોજિત કરવામાં આવેલું છે..

આ ગ્રંથ પ્રદર્શન ભારતીય પરંપરા અને સનાતન મૂલ્યોનું સાચું દર્શન કરાવશે, જ્યાં મુલાકાતીઓને જ્ઞાન, સંસ્કાર અને આત્મકલ્યાણ માટે એક નવી દિશા પ્રાપ્ત થશે.

તમામ પુસ્તકપ્રેમીઓ, સંસ્કારપ્રેમીઓ, ધર્મપ્રેમીઓ, વાચનપ્રેમીઓ તેમજ સર્વે જાગૃત નાગરિકોને અમારી નમ્ર વિનંતી અને હાર્દિક આમંત્રણ છે કે તેઓ સહ પરિવાર આ મહોત્સવમાં પધારે. સનાતન સંસ્થાના સ્ટોલની મુલાકાત લઈ રાષ્ટ્ર, ધર્મ અને અધ્યાત્મ પર આધારિત આ વિશેષ પ્રદર્શન અને જ્ઞાનગંગાનો અવશ્ય લાભ લે.

આહવામાં હોસ્ટેલના બાંધકામનું ગંદું પાણી મુખ્ય માર્ગ પર! વિદ્યાર્થિનીઓ અને વાહનચાલકો પરેશાન, તંત્ર ક્યારે લેશે નોંધ?





આહવા, ડાંગઃડાંગ જિલ્લાના આહવા ખાતે સાપુતારા નાકા નજીક ચાલી રહેલા હોસ્ટેલના બાંધકામને લઈને ગંદા પાણીના નિકાલનો પ્રશ્ન સામે આવ્યો છે. સ્થાનિક સ્તરે મળતી માહિતી મુજબ, બાંધકામ સ્થળે મજૂરોના બાથરૂમ તથા અન્ય વપરાશનું ગંદું પાણી મુખ્ય માર્ગ પર છોડવામાં આવતું હોવાની ફરિયાદ ઊઠી રહી છે.આ માર્ગ પરથી ફ્રુ હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થિનીઓ દરરોજ અવરજવર કરે છે. ત્યારે માર્ગ પર ગંદું પાણી વહેવાને કારણે વિદ્યાર્થિનીઓ સહિત અન્ય રાહદારીઓ અને વાહનચાલકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાનું જણાવવામાં આવે છે.જાહેર માર્ગ પર ગંદા પાણીનો નિકાલ થવાથી સ્વચ્છતા અને જાહેર આરોગ્યને લગતી સમસ્યાઓ ઊભી થવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. ખાસ કરીને દરરોજ આ માર્ગ પરથી પસાર થતાં લોકોને રાહત મળે તે માટે ગંદા પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવી જરૂરી બની છે.આથી, સંબંધિત વિભાગના જવાબદાર અધિકારીઓ સ્થળ પર તપાસ કરે અને જો ગંદા પાણીનો અયોગ્ય નિકાલ થતો હોવાનું જણાય તો તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરીને સમસ્યાનો કાયમી ઉકેલ લાવે તેવી માંગ ઊઠી રહી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કોઓપરેટીવ હાઉસિંગ સોસાયટી દ્વારા સોસાયટીના બાળકો માટે એક ટેલેન્ટ શોનું ભવ્ય આયોજન



આસો માસની શરદ ઋતુ અને આરાધનાના પવિત્ર દિવસો દરમિયાન સોસાયટી પરિવાર દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ અને તેમની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાના હેતુથી એક ' ટેલેન્ટ શો'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સોસાયટીના તમામ પરિવારો, વડીલો અને સ્નેહીજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.કાર્યક્રમની શરૂઆતમાં કાર્યક્રમના મુખ્ય મહેમાન પ્રો.મનોજભાઈ પુરોહિત(પ્રમુખશ્રી, ભારત વિકાસ પરિષદ, નટરાજનગર શાખા)ના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું જેમાં અતિથિ વિશેષ રમેશભાઈ સાકરીયા (રાધિકા સિલ્વર), સોસાયટી પ્રમુખ ડો. જયદીપસિંહ ડોડીયા, ઉપપ્રમુખ સજી મેથ્યુ તથા મંચસ્થ મહેમાનો જોડાયા હતા. દીપ પ્રાગટ્ય બાદ પ્રમુખ ડૉ.જયદીપસિંહ ડોડિયાએ સ્વાગત પ્રવચન કર્યું અને મંચસ્થ મહેમાનો અને નિર્ણાયક બહેનોનું મોમેન્ટો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. આ ટેલેન્ટ શોમાં નાના-મોટા બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોએ નૃત્યના તાલે માતાજીની ભક્તિ અને ઉમંગ વ્યક્ત કર્યા હતા, જ્યારે કેટલાકે પોતાની અદ્ભુત વાક્છટાથી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. વળી, નાના ભૂલકાઓએ પોતાની કાલી ઘેલી ભાષામાં કાવ્ય પઠન કરી સૌના દિલ જીતી લીધા હતા. મંચ પર આવેલ દરેક બાળકે સ્ટેજ ફિયર (સંકોચ) દૂર કરીને પોતાની કળા રજૂ કરી, જે તેમની સૌથી મોટી સિદ્ધિ રહી હતી. ઉપસ્થિત વડીલો અને વાલીઓએ તાળીઓના ગડગડાટથી બાળકોની દરેક રજૂઆતને વધાવીને તેમનો ઉત્સાહ બેવડાવ્યો હતો.કાર્યક્રમના અંતે વિજેતા થયેલા તેમજ ભાગ લેનાર તમામ બાળકોને ઉપસ્થિત મહાનુભાવો તેમજ સોસાયટીના પરિવારના પ્રોફે. અનામિક શાહ, પૂર્વ પ્રમુખ પ્રોફે. પી. એચ. પરસાણીયા, ડી. પી. ત્રિવેદી, અજયસિંહ પરમાર, રમેશ સભાયા, ડો . દર્શન ભટ્ટ, ઉધોગપતિ શૈલેષ પટેલ, જીતેશ પંડિત, શ્રીજીથ નાયર, સિનિયર ઈ. એન. ટી. સર્જન ડો . સેજલબેન ભટ્ટ, જાણીતા ફીટલ મેડીસિન એક્સપર્ટ ડો . કુંતલબા જાડેજા , ચંપાબેન ગરાળા, પ્રોફે . કુસુમબા જાડેજા, પારૂલબેન ત્રિવેદી, વિજયાબેન પરસાણીયા, ધીરજબા ડોડિયા વગેરેના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા.ઉપસ્થિત સૌએ સોસાયટીની કારોબારી ટીમને ભાવિ સમયમાં પણ આવા સુંદર સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમો સતત યોજતા રહેવા માટે હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવી હતી.

દક્ષિણ કોરિયાના પ્રખ્યાત 'યંગવન કોર્પોરેશન' કંપનીને ગુજરાતમાં રોકાણ માટે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીનું આમંત્રણ



વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત દક્ષિણ કોરિયાના પ્રવાસે ગયેલા ગુજરાતના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે દેગુ (ડ્રદ્ગીપ્રે) ખાતે વૈશ્વિક ટેક્સટાઈલ ક્ષેત્રે અગ્રણી 'યંગવન કોર્પોરેશન' (ર્ઈહર્શ્વહી ઝ્રીર્ટ્ઠિહ) સાથે વિશેષ બેઠક યોજી હતી. આ બેઠકમાં 'યંગવન કોર્પોરેશન'ના પ્રેસિડેન્ટ શ્રી જે-યોંગ પાર્ક સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.ઉલ્લેખનીય છે કે, 'યંગવન કોર્પોરેશન' એ વૈશ્વિક સ્તરે આઉટડોર સ્પોર્ટ્સવેર, પરફોર્મન્સ ગારમેન્ટ્સ અને ટેક્સટાઈલ ઉત્પાદનમાં ખૂબ મોટું નામ છે, જેમાં આશરે ૧ લાખ જેટલા વિશાળ કાર્યબળ (કર્મચારીઓ) કાર્યરત છે. ઉચ્ચ ગુણવત્તાવાળા ફેબ્રિક્સ અને સિન્થેટિક મટિરિયલ્સના ઉત્પાદનમાં આ વૈશ્વિક કંપની મોખરાનું સ્થાન ધરાવે છે.બેઠક દરમિયાન નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ યંગવન કોર્પોરેશનના નેતૃત્વને ગુજરાતમાં રોકાણ કરવા તેમજ સંયુક્ત સાહસો સ્થાપવા ભારપૂર્વક નિમંત્રણ પાઠવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારતના સમગ્ર મેન-મેડ ફાઇબર ઉત્પાદનમાં એકલું ગુજરાત ત્રીજા ભાગનું યોગદાન આપે છે. રાજ્યમાં કપાસથી લઈને રેડીમેડ ગારમેન્ટ સુધીની સંપૂર્ણ વેલ્યુ ચેઈન ઉપલબ્ધ છે.શ્રી સંઘવીએ ખાસ ભારપૂર્વક જણાવ્યું કે, નવસારી ખાતે ૧,૧૪૨ એકરમાં બની રહેલો અત્યાધુનિક 'પીએમ મિત્રા ટેક્સટાઈલ પાર્ક' યંગવન જેવી વૈશ્વિક જાયન્ટ કંપનીઓ માટે રોકાણની વિપુલ તકો પૂરી પાડે છે. ગુજરાતની ઉદ્યોગ-ફ્રેન્ડલી નીતિઓ, ઉત્તમ પોર્ટ અને લોજિસ્ટિક્સ કનેક્ટિવિટીનો લાભ લઈને યંગવન કોર્પોરેશન ગુજરાત સાથે ભાગીદારી કરીને નવા શિખરો સર કરી શકે છે. તેમણે કંપનીના પ્રતિનિધિઓને આગામી વાઈબ્રન્ટ સમિટમાં ઉપસ્થિત રહેવા તેમજ ગુજરાતના ટેક્સટાઈલ ક્લસ્ટર્સની રૂબરૂ મુલાકાત લેવા આહવાન કર્યું હતું.

જિંદગીમાં બધું છોડવું પડે તો છોડજો, પણ હસવાનું અને ફરી ઊભા થઈને લડવાનું ક્યારેય છોડશો નહીં

મરવાના વાંકે જીવવું એ જીવન નથી

==========

યશપાલસિંહ ટી વાઘેલા થરા

આજે આપણી આસપાસ નજર કરો.સૌથી મોટી ભીડ ક્યાં છે? મંદિરમાં નહીં, મોલમાં નહીં, પણ મનમાં.દરેક માણસના મનમાં ભીડ છે.ચિંતાની, ડરની, નિષ્ફળતાની, સરખામણીની.

ઘણા માણસો પોતાની જિંદગીથી કંટાળી ગયા છે. આખો દિવસ દોડધામ કરે છે, સવારથી સાંજ સુધી મહેનત કરે છે, છતાં હાથમાં હતાશા જ આવે છે. ભણવામાં નિષ્ફળતા, નોકરીમાં નિષ્ફળતા, ધંધામાં નિષ્ફળતા, સંબંધોમાં નિષ્ફળતા. ગમે તેટલી મહેનત કરો, સુખના બે દિવસ જોવા મળતા નથી અને પછી બે રસ્તા દેખાય છે-કાં તો બધું છોડીને ભાગી જવું, કાં તો પ્રયત્ન જ છોડી દેવા. ઘણા લોકો હતાશ થઈને નવા પ્રયત્નો કરવાનું માંડી વાળે છે. જીંદગીને પછી ઢસડી ઢસડીને પૂરી કરે છે. શરીર જીવે છે, પણ મન ક્યારનું મરી ગયું હોય છે.આને જ કહેવાય-મરવાના વાંકે જીવવું.પણ યાદ રાખો, આ જિંદગી સંઘર્ષથી ભરેલી છે, તે વાસ્તવિક છે. સંઘર્ષ વગરની જિંદગી એ જિંદગી જ નથી. જે ઝાડ પવન સામે લડે છે, તેના મૂળ જ મજબૂત થાય છે. મહેનત કરનાર અને ભગવાન ઉપર શ્રદ્ધા-વિશ્વાસ રાખનારને સફળતા અવશ્ય મળે જ છે. કદાચ આજે નહીં, તો કાલે. કાલે નહીં, તો પરમ દિવસે.

તમારી પાસે જિંદગી તો છે તમારી જિંદગી ગમે તેટલી ખરાબ કેમ ના હોય, પણ સવારે ઉઠીને ભગવાનને ધન્યવાદ કહેજો કે તમારી પાસે જિંદગી તો છે. ઘણાં પાસે એ પણ નથી.

આ એક વાક્ય જો સમજાઈ જાય તો અડધું દુઃખ ઓછું થઈ જાય.

તમે નોકરી નથી મળતી તેનું દુઃખ કરો છો, પણ કોઈ હોસ્પિટલમાં મૃત્યુની રાહ જોઈને પડ્યું છે, તેને એક દિવસ જીવવા મળે તો પણ ઘણું છે. તમારે એવું તો નથી. તમારી પાસે શ્વાસ છે, તમારી પાસે આવતીકાલ છે.

આપણે શું ગુમાવ્યું છે તેનો હિસાબ રોજ કરીએ છીએ, પણ શું મળ્યું છે તેનો હિસાબ ક્યારેય કરતા નથી. એક વાર મળેલું ગણવાનું શરૂ કરો.

પહાડ પરથી પાછો વળેલો યુવાન - તમારી સાચી મૂડી કઈ છે?એક યુવાન ખૂબ સારું ભણી-ગણીને નોકરી શોધવા લાગ્યો. ખૂબ મહેનત કરવા છતાં તેને નોકરી મળતી ન હતી.દરેક જગ્યાએથી ના સાંભળી સાંભળીને તે અંદરથી તૂટી ગયો. તેને લાગ્યું કે હું નકામો છું, મારામાં કોઈ આવડત નથી.

એક દિવસ કંટાળીને તે આપઘાત કરવા પહાડ પર ચઢી ગયો. તે નીચે કૂદવા જતો હતો ત્યાં તેને એક વૃદ્ધ સજ્જને બચાવી લીધો. તે સજ્જને તેને પાસે બેસાડયો, શાંત પાડ્યો અને પછી આપઘાત કરવાનું કારણ પૂછ્યું.યુવાને પોતાની આખી વ્યથા કહી. સજ્જને કહ્યું - નોકરી ન મળતી હોય તો નાનો મોટો ધંધો કર.

યુવાને કહ્યું - ધંધો કરવા માટે મૂડી તો જોઈએ ને? મારી પાસે મૂડી નથી.

સજ્જને રસ્તો કાઢતાં કહ્યું - એક કામ કર,તું તારી આંખો મને આપી દે,હું તને પાંચ લાખ રૂપિયા આપીશ.

યુવાન છંછેડાઈ ગયો-તમે કેવી વાત કરો છો?

સજ્જને કહ્યું-તો તારા હાથ આપી દે,તને દસ લાખ આપીશ.યુવાનેકહ્યું - હું રૂપિયાના બદલામાં મારા શરીર નું એકેય અંગ આપવા તૈયાર નથી.

ત્યારે સજ્જને હસીને કહ્યું-ભલા માણસ,તારી અમૂલ્ય આંખો,હાથ, પગ, કિડની, મગજ હોવા છતાં તું કહે છે કે તારી પાસે મૂડી નથી? આ જ તો સૌથી મોટી મૂડી છે. આ મૂડીનો ઉપયોગ કરીને તું કોઈ પણ કામ શરૂ કરીશ તો તું ધારે તે કરી શકીશ.

પેલા યુવાનની આંખો ખૂલી ગઈ. તેને વાત સમજાઈ ગઈ. તેને સાચો રસ્તો દેખાડવા બદલ સજ્જનનો આભાર માનીને તે યુવાન ચાલ્યો ગયો.

આપણે પણ એ જ યુવાન છીએ. આપણી પાસે આંખો છે જે સપનું જોઈ શકે છે, હાથ છે જે મહેનત કરી શકે છે, પગ છે જે દોડી શકે છે, મગજ છે જે વિચારી શકે છે. પણ આપણે બહાર મૂડી શોધીએ છીએ. અંદરની મૂડી ભૂલી ગયા છીએ.

જિંદગી જીવવાના બે જ રસ્તા - હીરો બનવું કે કોલસો?

જિંદગી જીવવાના બે જ રસ્તા છે - કાં તો જે પસંદ છે તેને હાંસિલ કરી લો, અથવા તો જે તમારી પાસે છે એને પસંદ કરતાં શીખી જાઓ.

પરંતુ આપણે આ બંનેમાંથી એક પણ પસંદ કરતા નથી અને દરરોજ હતાશા ભરેલી જિંદગી જીવીએ છીએ.

આપણે આપણી વિચાર શક્તિ અને કાર્યશક્તિનો કેવો ઉપયોગ કરીએ છીએ તેના પર આપણી પ્રતિભા નિર્ભર છે. આપણામાં અંદર એક અદભૂત શક્તિ રહેલી છે. તેનો સદઉપયોગ કેવી રીતે કરવો એ આપણા હાથમાં છે.આપણે નિર્ણય કરવાનો છેકે આપણે કોલસો બનવું છે કે હીરો બનવું છે.

કોલસો અને હીરો બંને કાર્બન જ છે. બંનેમાં કોઈ ફરક નથી. ફરક માત્ર પ્રક્રિયાનો છે. કોલસો દબાણથી ડરે છે, એટલે કોલસો જ રહી જાય છે. હીરો દબાણ સહન કરે છે, હજારો ડિગ્રી ગરમી સહન કરે છે, એટલે હીરો બની જાય છે.તમારા જીવનમાં જે દબાણ આવે છે,જે ગરમી આવે છે,જે નિષ્ફળતા આવે છે, તે તમને કોલસો બનાવવા નથી આવતી,તે તમને હીરો બનાવવા આવે છે.

હિંમત વગરની વાત કદી કરશો નહીં - સ્વામિનારાયણનું સૂત્ર

શ્રી સ્વામિનારાયણ ભગવાન વચનામૃત ગ્રંથમાં કહે છે કે, કોઈ દિવસ હિંમત રહિત વાત કરવી નહિ, હિંમત સહિત જ વાત કરવી.

આ એક જ વાક્ય આખી જિંદગી બદલી શકે.આપણે સવારથી સાંજ સુધી હિંમત રહિત વાતો કરીએ છીએ મારાથી નહીં થાય, મારું નસીબ ખરાબ છે, મારી પાસે કંઈ નથી, હું શું કરું? આ બધી હિંમત વગરની વાતો છે.

જે હિંમત રાખીને પુરુષાર્થ કરે છે, તેની ઉપર ભગવાનની કૃપા પણ થાય છે અને જીવનમાં સફળ પણ થાય છે.

ભગવાન પણ તેને જ મદદ કરે છે જે પોતાને મદદ કરવા તૈયાર છે. તમે એક ડગલું માંડો, ભગવાન દસ ડગલાં માંડશે. પણ પહેલું ડગલું તમારે માંડવું પડશે.

આપણે આપણી મર્યાદિત વિચારસરણીના પિંજરામાં કેદ છીએ એટલે ઉડતા શીખતા નથી. પિંજરું લોઢાનું નથી, વિચારનું છે. પિંજરું ખોલવાની ચાવી પણ વિચાર જ છે.

વિચારસરણી બદલો. હું નિષ્ફળ છું એમ કહેવાને બદલે કહો - હું હજી શીખું છું. મારી પાસે કંઈ નથી એમ કહેવાને બદલે કહો - મારી પાસે સમય છે, શક્તિ છે. મને કોઈ પ્રેમ કરતું નથી એમ કહેવાને બદલે કહો - હું પોતાને પ્રેમ કરતાં શીખીશ.

યુવાધન માટે ત્રણ પ્રતિજ્ઞા - હસવું, લડવું અને આશા રાખવી. જિંદગીમાં કદાચ બધું જ છોડવું પડે તો છોડજો, પણ ક્યારેય હસવાનું છોડશો નહિ અને ક્યારેય ફરીથી ઊભા થઈને લડવાનું છોડશો નહિ. આ જ આશા છે.

યુવાનો માટે ત્રણ પ્રતિજ્ઞા -હસવાનું કદી છોડશો નહીંઃ હાસ્ય એ દવા છે. ગમે તેટલી મોટી સમસ્યા હોય, એક સ્મિત તેને નાની કરી નાખે છે. જે માણસ હસી શકે છે, તે હજી જીવે છે.ફરી ઊભા થવાનું કદી છોડશો નહીંઃપડવું પાપ નથી,પડ્યા રહેવું પાપ છે. બાળક હજાર વાર પડે છે ત્યારે ચાલતા શીખે છે. તમે એક વાર પડ્યા તો શું થયું? ઊભા થાવ. ફરી દોડો.

આશા કદી છોડશો નહીંઃ રાત ગમે તેટલી અંધારી હોય, સવાર થાય જ છે. તમારી રાત પણ જશે. થોડી ધીરજ રાખો.

પુરુષાર્થ કરો, વિચાર બદલો, તો સફળતા અવશ્ય પ્રાપ્ત થશે. કારણ કે ઈશ્વરે તમને કોલસો બનાવવા નથી મોકલ્યા,હીરો બનાવવા મોકલ્યા છે.અને જો ક્યારેય મન ખૂબ ભારે લાગે, વાત કરવાનું મન થાય, તો એકલા ન રહો. તમારા પરિવાર, મિત્ર કે વિશ્વાસુ વ્યક્તિ સાથે વાત કરો. તમે એકલા નથી. તમારી અંદરની મૂડી હજી અકબંધ છે. તેનો ઉપયોગ કરો.તમે હીરો છો, હીરો જ રહેશો.

યશપાલસિંહ ટી વાઘેલા થરા દરબારગઢ થરા તા ઓગડ જિ.બનાસકાંઠા

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat